# પ્રજા પરેશાન, પોલીસ લાચાર, તસ્કરો બેફામ : પાલનપુરમાં મોડી રાત્રે બે ઓફિસના શટર તુટયા

ગાંધીનગર, તા.૧૬

પાલનપુર માલ ગોડાઉન રોડ પર આવેલ બે ગેસ એજન્સીની ઓફિસમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટકયા હતા રોકડ સહિત ડોકયુમેન્ટની ચોરી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કરી છુમંતર થઈ ગયા હતા.

પાલનપુર શહેર પર જાણે કે તસ્કરોનું રાજ આવી ગયું હોય તેવું લાગે છે. પ્રજા પરેશાન, પોલીસ લાચાર જેવું લાગી રહ્યું છે. ત્યારે ગત મોડી રાત્રે શહેરના ઢુંઢિયાવાડી વિસ્તારના માલ ગોડાઉન રોડ પર આવેલ ચામુંડા ગેસ એજન્સી અને અમરદીપ ગેસ એજન્સીમાં તસ્કરોએ ફેરો કર્યો હતો.

મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ બંને ગેસ એજન્સીની ઓફિસનું શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અજાણ્યા તસ્કરોએ ઓફિસોમાં તોડફોડ કરી રૂ. ૪૫૯૦૦ અને કિંમતી ડોકયુમેન્ટ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ઘટનાથી વેપારી આલમ ભયભીત બની ગયો છે.

એજન્સીના માલિકોએ ચોરીમાં કોઈ જાણ ભેદુ હોય તેવી શંકા દર્શાવી છે. લખાય છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ થવાનું જાણવા મળ્યું નથી પરંતુ પાલનપુરના રહિશો અને વેપારીઓએ બેફામ બનતા તસ્કરોને સાણસામાં લેવા જોઈએ તેવી માંગણી પોલીસ સામે કરી છે.



## પાલનપુરના માલણ ગામે હવાડાની દુર્દશા

પાલનપુરના માલણ ગામે રોહિતવાસના રામદેવપીરજી મંદિર સામે ઢોરોનો પાણી પીવાનો હવાડ આવેલો છે. આ હવાડામાંથી ગાય, ભેંસ, બકરાં, ઊંટ વગેરે ઢોર પાણી પીવે છે. આ હવાડાની આસપાસ એટલી ગંદકીનું સામ્રાજય છે કે તેમાં ગાય-ભેંસને પાણી પીતા જોઈ એમ થાય કે આપણે આમનું દૂધ પીએ છીએ? દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અભિયાન ઉપાડયું છે ત્યારે ગ્રામ પંચાયત અને બનાસ ડેરીના સત્તાધીશોએ આવા ગંદા હવાડાઓની દુર્દશા સુધારવા પ્રયત્નો કરવા જોઈએ જેથી દરેકને સ્વચ્છ દૂધ પણ મળી શકે અને મુંગા પશુઓને રોગચાળાથી બચાવી શકાય. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસામાં નજર ચૂકવી ગઠીયો ૫૦ હજાર ભરેલો થેલો ઉઠાવી ગયો

ડીસા, તા.૧૬

ડીસા તાલુકાના રાણપુર આથમણાવાસ ગામે રહેતા પરેશકુમાર લક્ષ્મીચંદ સોલંકી નામના ઈસમના રોકડ ૫૦ હજાર રૂપિયા ભરેલા થેલાની કઈ ગઠીયા એ મેલું નાખી નજર ચૂકવી છેતરપીંડીની ઘટના પ્રકાશમાં આવેલી છે જેમાં ઉત્તર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરેલ છે.

ડીસા તાલુકાના રાણપુર આથમણાવાસ ગામે રહેતા પરેશકુમાર લક્ષ્મીચંદ સોલંકી (માળી) ડીસા સ્પોર્ટસ કલબ કન્ઝ્યુમર્સ સોસાયટીના મેનેજર તરીકે ફરજ બજાવે છે. અને સવારે ગાયત્રી મંદિર નજીક કમિશનથી દૂધ-છાશની થેલીઓનું વેચાણ કરે છે. જેમણે શનિવારે સવારે દૂધ છાશની થેલીઓના નાણાં રૂ. ૫૦,૦૦૦ રેકઝીનની થેલીમાં મુકયા હતા અને ચાની હોટલે ગયા હતા ત્યારે તેમના શર્ટ ઉપર મેલું પડેલું હતું. તે અંગે ચાની હોટલવાળા દિલીપભાઈએ જાણ કરતાં પરેશકુમાર રૂપિયા ૫૦,૦૦૦ ભરેલી થેલી હોટલના ટેબલ ઉપર મુકી શર્ટ ધોવા ગયા હતા જો કે આ તકનો લાભ ઉઠાવી મેલું નાખી તફડંચી કરનાર અજાણ્યો ગઠીયો પૈસા ભરેલો થેલો ઉઠાવી ગયો હતો આમ પળવારમાં આબાદ તફડંચી કરી અજાણ્યો ગઠીયો ફરાર થઈ ગયો હતો જે બાદ પોતાની છેતરપીંડી થયાનું માલુમ પડતા પીડિત વ્યકિતએ ડીસા ઉત્તર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ છેતરપીંડી મામલે ડીસા ઉત્તર પોલીસે ફરિયાદીની ફરિયાદ નોંધી હતી અને પચાસ હજારની આ સનસની ખેજ તફડંચી કરનાર અજાણ્યા ગઠીયા વિરુધ્ધ ફરિયાદ નોંધી પીએસઆઈ જે.ડી. આસ્લોડીયાએ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસનો સ્નેહમિલન સમારંભ યોજાયો

પાલનપુર, તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના રામપુરા અદ્વૈત આશ્રમ ખાતે જિલ્લા કોંગ્રેસ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભાના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિત અનેક હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જો કે આ સ્નેહમિલન સમારંભમાં કોંગ્રેસના પૂર્વ જિલ્લા પ્રમુખ સી.પી. પટેલને મંચ પર સ્થાન ના મળતા તેમણે સમારંભનો બહિષ્કાર કર્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ સ્નેહ મિલન સમારંભમાં પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા હવે પક્ષમાં આયારામ-ગયારામ નહીં ચાલે તેવી ચીમકી ઉચ્ચારી હતી. તેમણે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને દારૂ અને ભાજપથી દૂર રહેવા સલાહ આપી હતી. આ સમારંભમાં શંકરસિંહ વાઘેલા નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતા સ્વચ્છતા અભિયાન માત્ર ફોટો સેશન બની ગયું છે જયાં માર્ગ ચોખ્ખો હોય ત્યાં ભાજપ વાળા કચરો નાંખી પછી સફાઈના ફોટા પડાવે છે તેવો આક્ષેપ કર્યો હતો. આ સમારંભમાં કોંગ્રેસના પૂર્વ જિલ્લા પ્રમુખ અમીરગઢના સી.પી. પટેલને મંચ પર સ્થાન ન મળતા તેમણે સમારંભનો બહિષ્કાર કર્યો હતો. આ સમારંભમાં કાર્યકરોને આવનાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને અન્ય ચુંટણીઓમાં એક બની કામે લાગી જવા હાકલ કરાઈ હતી. અંતમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણે આભારવિધિ કરી હતી.

## અપેક્ષા અને વાસ્તવિકતા વ્યેચનું અંત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યાખ્યાનમાળા અંતર્ગત જાણીતા હાસ્ય કલાકાર અને ફિલોસફર શાહબુદીન રાઠોડે હસો...હસાવો અને હસી નાંખો વિષય પર અત્યંત હળવી અને રમૂજ શૈલીમાં વક્તવ્ય આપી શ્રોતાઓને હળવાફૂલ કરી દીધા હતા. તેમણે હસતા હસતા જીવી જવાની શીખ આપતા દષ્ટાંતો અને સમજણ આપતા જણાવ્યું હતું કે ગાંધીજી તેમ કહેતા હતા કે મારામાં હાસ્યકવિ ન હોત તો મેં આત્મહત્યા કરી હોત ગંભીરતા વગરનું હાસ્ય અને હાસ્ય વગરની ગંભીરતા વચ્ચે અર્થ છે શિક્ષણ અને હાસ્યનો પણ અનોખો સુમેળ છે. માણસ જ્યારે નિર્ણય લઈ શકે તેમ ન હોય ત્યારે હૃદયને ફોલો કરવું જોઈએ. તે હંમેશા સાચો જ સાબિત થાય છે. આજના યુગમાં તણાવથી માણસ પરેશાન છે - અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર સર્જાતા સમસ્યા સર્જાય છે. અંતર જેટલું વધારે તેટલી સમસ્યા પણ મોટી હોય છે. સત્તા, સંપત્તિ અને સમૃદ્ધિની ચરમસીમાએ આધ્યાત્મ શરૂ થાય. છે. આધ્યાત્મનો પાયો સત્ય છે. માણસે પોતાની જાતને પ્રેમ કરતા શીખવુ જોઈએ. હાસ્યરસ સાથે જીવનમાં આવતી સમસ્યાઓને માત કરવાની સમજણ આપતા તેમણે જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની અપેક્ષા વગરનું સમર્પણ એટલે પ્રેમ અને પ્રેમ હોય ત્યાં સમસ્યાનું અસ્તિત્વ રહેતુ નથી. વૃદ્ધાવસ્થાને જીવનમાં આંબવા ન દેવી હોય તો વર્તમાનમાં જીવવુ ખૂબ જ જરૂરી છે. વીતેલા જીવનની કીતાબ વાંચી શકાય છે બદલી શકાતી નથી. માણસ નિર્બળ વિચારોમાં પ્રવર્તે એટલે મૃત્યુની પ્રક્રીયા શરૂ થઈ જાય છે... છેલ્લા ૪૫ વર્ષથી દેશ અને દુનિયામાં સહકુટુંબ માંણી શકાય તેવો હાસ્યરસ પીરસતા શાહબુદીન રાઠોડે વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને જીવનને હાસ્ય સાથે પ્રેમથી જીવવાની સમજણ આપી પેટ પકડીને હસાવ્યા હતા.

## નેશનલ પ્રેસ-ડે...

● ત્રીજા પાનાનું ચાલુ

રાજય સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લોકો લે તેની માહિતી પહોંચાડવાની રહે છે. તેમણે વિવિધ ઉદાહરણો દ્વારા પત્રકારો-માધ્યમોની મહત્વપૂર્ણ ભૂમિકાની વાત કરી હતી. એ રીતે એક સાચા જાગૃત નાગરિક સાથે લોક-હરી પત્રકાર બની રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ સાહિત્યકાર શ્રી ર્ડા. કેશુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આજના વિકાસ યુગમાં અખબારી અને અન્ય માધ્યમો રાષ્ટ્ર-સમાજ જીવનમાં અનિવાર્ય હિસ્સો બન્યાં છે. ત્યારે સાર્વજનિક બાબતોમાં સાચી વાતની જાણકારી આપવી એ પત્રકારત્વનો ધર્મ બની રહે છે. ગાંધીજી, મહારાણા -તાપ, ેમચંદ, કવિ નર્મદ એમ અનેકનાં જીવન-કાર્ય વિશે વાત કરી સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા વિશે ઉલ્લેખ કર્યો હતો.આજના પત્રકારોએ સમાજમાં બનતી હકારત્મક ઘટનાઓને વાચા આપવી જોઈએ. શબ્દોના સાચા આરાધક બનવું જોઈએ, તેવું જણાવ્યું હતું. તે ઉપરાંત ભવિષ્યમાં આવનાર ે કે સમસ્યાઓ -ત્યે દૂરંદેશીતા દાખવી શકે અને લોકોને તે -ત્યે લોકોને જાગૃત કરે તેવી નિસ્બત પત્રકાર ધરાવે તે જણાવ્યું હતું.

નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન પટેલે નેશનલ ેસ ડે ઉજવણીની ભૂમિકા રજૂ કરી હતી. સાથે સમાચારોની અભિવ્યક્તિ વખતે સમાચારોને પારદર્શિતા, ચોકસાઈ, ગોપનીયતા અને જવાબદારી ભર્યુ વલણ દાખવવું જરૂરી છે, એ વિશે ઉલ્લેખ કરી સહુને આવકાર્યા હતા.

કાર્યક્રમને અંતે આભારવિધી માહિતી મદદનીશ શ્રી પરિમલ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ન્ટિ અને ઈલેકટ્રોનિક મીડિયાના -તિનિધિશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતા.

## લાલબત્તી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કંપનીએ મોકલેલા પાર્સલમાં ફલીપ કવર મળ્યું જ નહોતુ. હવે કંપની તેમને આ ફલીપ કવર આપવામાં ઠાગાઠૈયા કરી રહી છે. ઘણા ગ્રાહકોને ઓનલાઈન શોપીંગ દ્વારા ખરીદેલા મામલમાં ગુણવત્તાનો અભાવ જોવા મળ્યો છે. ઓનલાઈન વેબસાઈટ પરથી ખરીદીમાં મોબાઈલ કે અન્ય ઘરગથ્થુ ઈલેકટ્રોનીક્સ આઈટમ કોઈ પણ કંપની કે બ્રાન્ડની ખરીદ્યા પછી તેની આફટર સેલ્સ સર્વિસ માટે સર્વિસ સેન્ટર શોધ્યાં જડતા નથી અથવા તો ગુજરાતમાં સર્વિસ સેન્ટર હોતા પણ નથી તેવા અનુભવ થવા પામ્યા છે.

હાલ, ગાંધીનગરના ઓનલાઈન ખરીદી કરતા ગ્રાહકો હોમશોપ ૧૮, સ્નેપડીલ, નાપતોલ, ટેલિશોપીંગ, જબોંગ, ફલીપકાર્ટ, એમેઝોન, જંગલી ડોટકોમ જેવી કંપનીઓ કે તેમની વેબસાઈટનો ઉપયોગ કરી રહ્યાં છે. ઓનલાઈન શોપીંગના વધતા જતા ચલણ અને નવી પેઢી દ્વારા ઈન્ટરનેટના બહોળા ઉપયોગને કારણે પરંપરાગત રીટેલ વેપારીઓ માટે ખૂબ મોટો પડકાર ઉભો થવા પામ્યો છે એમાં બે મત નથી.

## શબ્દાવલી - ૫૫૬૨



### આડી ચાવી

૧. મુડી, ધન (૩)
૪. નોકર, પટ્ટાવાળો (૪)
૭. દરિયા-નદીના કિનારે આવેલ સ્થાન જયાં વહાણની આવ-જા થઇ શકે (૩)
૮. ચાલતી વાતમાં પુરાતો હાજીયો (૩)
૯. ભય, થડકારો (૩)
૧૧. જનમ, જન્મારો (૨)
૧૪. નવું (૩)
૧૫. અનાજ, ખાવા માટેનું અન્ન (૩)
૧૭. આઠમુ નક્ષત્ર, પોષ માસ (૨)
૧૮. ચમક, ચળકાટ (૩)
૧૯. સુપ, ટામેટાનો... (૨)
૨૧. બોગસ, બેકાર (૪)
૨૩. માંકડુ, વાંદરૂં (૩)
૨૪. મારી નાખનારો, જલ્લાદ (૨)

### ઊભી ચાવી

૧. સગા, સામાજિક સગા થાય તે (૩)
૨. તિર્થ, યાત્રા (૩)
૩. ભાસકો, સારું-સારું ખાવાની ઇચ્છા (૩)
૪. ભાસકો, સારું ખાવાની ઇચ્છા (૩)
૫. નાના છોકરાઓ ચુપ કહેવા માટે... કહે (૨)
૬. નક્ષત્રની ઝૂમખામાંથી દરેદ પરથી ભાવિ જોવાય તે (૫)
૧૦. ડગલું (૨)
૧૨. જંગલ, વગડો (૨)
૧૩. વિશ્રામ (૩)
૧૪. નાન્યાતર જાતિનું (૪)
૧૫. ખોદવાનું કાર્ય (૪)
૧૬. કજિયો, કલેશ (૪)
૧૯. સંગત, સાથે ફરે તે (૩)
૨૦. સોંસરવો, આરપાર (૩)
૨૨. સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)

### શબ્દાવલી ૫૫૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) કુઠારાઘાત (૬) પોરા (૮) દલાતરવાડી (૯) રાણય (૧૦) આણ (૧૧) ઇદ્દી (૧૪) આસવ (૧૫) સાગરખેડુ (૧૬) પાડો (૧૭) સઇ (૧૮) પતરાળી (૧૯) મસકો

**ઊભી ચાવી :-** (૧) કુદરતી (૨) ઢાલા (૩) રાતરાણી (૪) ધારણ (૫) તવાયફ (૭) રામણદીવડો (૧૦) આઇસપાઇસ (૧૨) સાગરીત (૧૩) રખેવાળી (૧૭) સમ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તરણ બાકી છે. મહત્વના બોર્ડ-નિગમમાં ચેરમેનની પસંદગી બાકી છે. અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં ચેરમેનની જગ્યા ખાલી પડેલી છે. સંભવ છે કે આ સપ્તાહમાં સીએમ આ બધી પેન્ડીગ નિયુક્તિ કરી દેશે...

**૮૦ ટકા પ્રધાનો હજી ઓફલાઇન છે ...**

ગુજરાત સરકાર સોશ્યલ સાઇટ્સમાં આગળ વધવા માગે છે. ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે તેમની સરકારના પ્રધાનોને ટ્વિટર, વેબસાઇટ અને ફેસબુક જેવા માધ્યમોનો ઉપયોગ વધારવા ઉપર ભાર મૂક્યો છે. આજે ખુદ ચીફ મિનિસ્ટર બન્ને સાઇટ્સ ઉપર ખૂબ એક્ટિવ છે. સૌરભ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, રમણ વોરા, નિતીન પટેલ અને શંકર ચૌધરી જેવા કેબિનેટના સભ્યો ટ્વિટર પર એક્ટિવ બન્યા છે, જો કે સૌરભ પટેલ અને શંકર ચૌધરીની જેમ અન્ય સભ્યો તેમના વિભાગમાં એટલા એક્ટિવ બન્યા નથી. આનંદીબેનની કેબિનેટના ૮૦ ટકા પ્રધાનો હજી ઓફલાઇન મોડમાં છે. ચીફ મિનિસ્ટરે તેમની કેબિનેટની જેમ ધારાસભ્યોને સોશ્યલ સાઇટ્સમાં એક્ટિવ બનવાનું ખાસ સૂચન કરવા જેવું છે.

**એ હતા કેશુભાઇ પટેલના દિવસો ...**

ભાજપના સિનિયર કાર્યકરો આજે કેશુભાઇ પટેલની સરકારને યાદ કરે છે, કારણ કે એ ભાજપની પહેલી સરકાર હતી અને તેમાં સંવેદનશીલતાની અનુભૂતિ થતી હતી. ભાજપનો કોઇ સિનિયર નેતા કે કાર્યકર્તા નારાજ હોય તો તેની સીધી જાણ ચીફ મિનિસ્ટરને થતી હતી અને તેને જોઇતું મળી જતું હતું. એ સમયમાં કેટલાક નારાજ થયેલા નેતાઓની જાણ કેશુભાઇને થતાં તેમણે પાર્ટીના કહેવા પ્રમાણે બોર્ડ-નિગમોમાં નિયુક્તિ કરી દીધી હતી. આજે બોર્ડ-નિગમમાં નિયુક્તિ તો થઇ છે પરંતુ નિયુક્તિના એ દિવસો જરા જુદા હતા. એક ઉત્સાહ હતો જે આજે દેખાતો નથી...

**એ જરા કહેશો, કોણ છે મોદીની નજીક?!! ...**

મોદી જયારે ગુજરાતના ચીફ મિનિસ્ટર હતા અને જેમણે તેમની સાથે ફોટા પડાવ્યા હતા તેઓએ મોદી સાથેના જૂના ફોટા સોશ્યલ સાઇટ્સ ઉપર અપલોડ કરીને એવું બતાવવાનો પ્રયાસ કર્યો છે કે - હું મોદીની નજીક છું... પણ ના, મોદી કોઇની નજીક નથી. મોદી સાથે ફોટો પડાવ્યો એટલે મોદીના મિત્ર છો તેવું માનવું ભૂલ ભરેલું છે. મોદીની નજીક રહેલા અતિ સિનિયર લોકોનું કહેવું છે કે, મોદી માટે કોઇ વ્યક્તિ કાયમી મિત્ર હોતા નથી અને કાયમી દોસ્ત પણ નહી... બાકી તો ફોટા અપલોડ કરીને નિજાનંદ માણવો રહ્યો...

**ગાંધીનગરમાં જ દીવા નીચે અંધારૂં ...**

ગુજરાતના તમામ ગામડામાં ૨૪ કલાક સાત દિવસ વીજળી આપવાના દાવા ગુજરાત સરકાર કરે છે પરંતુ રાજયના પાટનગર ગાંધીનગર પાસે આવેલા શહેરી વિસ્તાર ગુડામાં જ લાઇટના ધાંધિયા છે. સરકાર ટોરન્ટને હવાલો આપતી નથી અને પોતાનું સાહસ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પૂરતી વીજળી આપી શકતું નથી. ગુડાના -ત્યેક ઘરમાં આજે પણ મીણબત્તી અને ટોર્ચ રાખવી પડે છે. આજે ગુડા માં બીજું ગાંધીનગર વિકસ્યું છે અને તેની વસતી એક લાખ કરતાં વધુ થઇ છે છતાં પૂરતી વીજળી નથી. આને કહેવાય - દીવા નીચે અંધારૂં...

**સ્ટેપ ટુગેધર, એક્સપ્રેસ ટુગેધર ...**

ભારતમાં ભાજપની સરકાર બન્યા પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અપેક્ષાઓ વધી ગઇ છે. એક તરફ અયોધ્યામાં રામ મંદિર બાંધવાની ઉતાવળ છે, બીજી બાજુ નાગપુરનો બીજો તાર દિલ્હીથી જોડાયો છે. સંઘના નેતાઓ સરકારમાં આડકતરી રીતે જોડાઇ રહ્યાં છે, આ સંજોગોમાં ૨૧મી નવેમ્બરે નવી દિલ્હીમાં વર્લ્ડ હિન્દુ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું છે. આ અધિવેશનમાં ૪૦ દેશોમાંથી ૧૫૦૦ જેટલા ડેલીગેટ્સ આવે તેવી સંભાવના છે. આ કોંગ્રેસમાં દલાઇ લામા, મોહન ભાગવત અને અમિત શાહ વક્તવ્ય આપવાના છે. આ અધિવેશન ત્રણ દિવસ સુધી ચાલવાનું છે અને તેનું સૂત્ર સ્ટેપ ટુગેધર, એક્સ-ેસ ટુગેધર છે...

**કમ્પલ્સરી વોટીગ ફાયદાકારક છે ...**

ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કમ્પલ્સરી વોટીગનો પ્રોજેકટ આખા દેશ માટે નમૂનેદાર બની શકે તેમ છે છતાં તેનો વિરોધ થઈ રહ્યો છે. લોકશાહી દેશમાં આ શકય નથી તેવી દલીલો કરવામાં આવે છે પરંતુ તેનો પ્લસ પોઈન્ટ એવો છે કે કમ્પલ્સરી વોટીગના કારણે મજબૂત અને સંપૂર્ણ લોકસમર્થનથી કોઈ પાર્ટી સત્તા પ્રાપ્ત કરે છે. ૩૫ ટકા વોટીગથી ચૂંટાયેલી સત્તા કરતાં ૯૮ ટકા વોટીગથી ચૂંટાયેલી સત્તા વધારે પ્રભાવશાળી હોય છે. કમ્પલ્સરી વોટીગ પ્રોજેકટનો વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ઉપયોગ કરવા માટે ભારતીય ચૂંટણીના કાયદામાં સુધારા કરવાની આવશ્યકતા છે, જો કે ગુજરાત સરકાર કમ્પલ્સરી વોટીગના પસાર થયેલા બિલ પછી કાયદો બનાવવામાં પીછેહઠ કરી રહી છે...

**હાશ, ગુજરાત હવે વાઇ-ફાઇ થશે ...**

ગુજરાતમાં ઈન્ટરનેટનો ઉપયોગ વધ્યો છે. ભાજપની સરકારે પાંચ વર્ષમાં આખા ગુજરાતનો વાઈ-ફાઈ બનાવવાનો વાયદો કર્યો છે. હવે સરકારની ઈ-ગવર્નન્સ પોલિસીનો અમલ શરૂ થતાં સરકારની ૫૦૦ જેટલી સેવાઓ ઓનલાઈન થવાના ચાન્સ વધી ગયા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં કેટલાક જાહેરસ્થળોને વાઈ-ફાઈ કરી દેવામાં આવ્યા છે. રાજકોટ અને સુરત પણ વાઈ-ફાઈના પંથે છે. ભાજપના ચૂંટણી ઢંઢેરાનો આ પ્રોજેકટ ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે ડિપાર્ટમેન્ટને આદેશ પણ કરી દીધા છે...

**બદામ ખાવ, તબીયત ફાઇન રહેશે ...**

બદામ એ હૃદય માટેનું બેસ્ટ ઔષધ માનવામાં આવે છે. બદામથી લોહીમાં ઝેરી તત્વોને નાશ કરતા પદાર્થોનું ઉત્પાદન થાય છે અને તે બ્લડપ્રેશર ઘટાડવા તેમજ લોહીનો પ્રવાહ સુધારવામાં મદદરૂપ થાય છે. ભૂમધ્ય સમુદ્ર પ્રદેશના ડાયટથી આરોગ્યના મોટા લાભ થયા હોવાનું સંશોધન થયું છે, કારણ કે અહીં બદામનો સારો એવો ઉપયોગ થાય છે.બાયોમેડિકલ સાયન્સિઝના પ્રોફેસર હેલેન ગ્રિફિથ્સની આગેવાની હેઠળ થયેલા સંશોધનથી સાબિત થયું છે કે બદામનો નાસ્તો કરનારા જૂથના લોહીમાં અન્ટીઓક્સિડેન્ટનું પ્રમાણ વધારે હતું. તેમના લોહીના પ્રમાણમાં સુધારો થયો હતો. સંશોધકો જણાવે છે કે દૈનિક ૫૦ ગ્રામ બદામ ખાવી જોઈએ...

**પરેશ રાવલ જાખોરાના અતિથિ ...**

ફિલ્મસ્ટાર અને અમદાવાદના સાંસદ પરેશ રાવલે તેમના મત વિસ્તારના જાખોરા ગામને દત્તક લીધું છે. મોદીએ તમામ સંસદસભ્યોને એવો આદેશ કર્યો છે કે તેઓ વર્ષમાં એક ગામને દત્તક લઈને તેનો વિકાસ કરે. કામને સ્વચ્છ બનાવે, જેના ભાગરૂપે સાંસદ પરેશ રાવલે ગાંધીનગર જિલ્લાનું જાખોરા ગામ દત્તક લીધું છે. આ ગામ ગાંધીનગરથી ૨૦ કિલોમીટર દૂર છે. ગામની વસતી ૨૫૦૦ની છે અને ૪૦ ટકા લોકો પાસે ટોયલેટની સુવિધા નથી. ગામમાં પશુપાલકોની સંખ્યા વધારે હોવાથી ૪૦ ટકા પરિવારો ખેતરોમાં વસવાટ કરે છે. હવે આ ગામમાં પરેશ રાવલ અતિથિ બનીને આવ્યા છે, જોઈએ એક વર્ષમાં કેવો વિકાસ થાય છે...

**વિશ્વનું ત્રણ વખત ભ્રમણ થઇ શકે ...**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા જે વિમાનમાં સફર કરે છે તેની ખૂબી એ છે કે એ વિમાનમાં જે ઇંધણ ભરવામાં આવે છે તેનાથી સમગ્ર વિશ્વનું ત્રણ વખત ભ્રમણ થઈ શકે છે. એરફોર્સ વન નામના આ વિમાન પાછળ ૩૨૫ મિલિયન ડોલર એટલે કે ૧૯૫૦ કરોડનો ખર્ચ થાય છે. અમેરિકાના પ્રેસિડેન્ટ માટે બે વિમાનો રાખવામાં આવેલા છે. વિશ્વમાં સૌથી વધુ આકર્ષક અને પાવરફુલ વિમાન એરફોર્સ વન છે. આપણા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસ માટે બોઈંગ ૭૪૭-૪૦૦નો ઉપયોગ કરે છે. આ વિમાનને એર ઈન્ડિયા વન કોડ-નેમ આપવામાં આવ્યું છે. મોદીનું આ વિમાન ન્યૂકિલિયર એટેકને પણ ખમી શકે તેવું પાવરફુલ છે...

**ગુજરાતમાં ૨૮.૭૯ મિલિયન પ્રવાસી ...**

અમિતાભ બચ્ચનની ખુશ્બુ ગુજરાત કી એડ થીમ પછી રાજયમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હોવાનો દાવો ટુરિઝમ ડિપાર્ટમેન્ટ કરી રહ્યું છે. સત્તાવાર આંકડા -માણે ૨૦૧૩-૧૪માં -વાસીઓની સંખ્યા વધીને ૨૮.૭૯ મિલિયન થઈ છે જે આગલા વર્ષે ૨૫.૦૪ મિલિયન હતી અને ૨૦૦૬-૦૭માં આંકડા જોઈએ તો તે માત્ર ૧૨.૩૪ મિલિયન હતી. ટુરિસ્ટ ફ્લો પર્પઝમાં જોઈએ તો ૧૩.૯૯ ટકા લોકો બિઝનેસ હેતુથી આવે છે. ૮.૯૮ ટકા ધર્મસ્થાનો માટે આવે છે. જીટકોના અહેવાલ પ્રમાણે અમદાવાદ, અંબાજી, દ્વારકા, સુરત અને વડોદરા એ ટુરિસ્ટના બેસ્ટ ડેસ્ટિનેશન છે...

**ગુજરાતમાં મોબાઇલ ધારકો ૪.૭૦ કરોડ ...**

ગુજરાતની વસતી છ કરોડ ઉપરાંતની છે જેમાં ૪.૭૦ કરોડ લોકો મોબાઈલ યુઝર્સ છે. જો કે તેમાં ડબલ મોબાઈલ સીમ ધારકોની સંખ્યાનો પણ સમાવેશ થાય છે. પ્રાઈવેટ સેલ્યુલર ઓપરેટર એસોસિયેશનના જણાવ્યા પ્રમાણે ભારતમાં પશ્ચિમ બંગાળના ૧.૫૮ ટકા પછી ગુજરાતમાં મોબાઈલ યુઝર્સનો ગ્રોથ ૧.૪૭ ટકા છે. જૂન-૨૦૧૪ના અંતે મોબાઈલ ધારકોની સંખ્યા ૪.૬૭ કરોડ નોંધાઈ છે. એટલે કે ગુજરાતની જનતા હવે વાઈ-ફાઈ વાપરવા માટેની હક્કદાર બની છે...

**ટુંકી મુદતની નિવિદા ક્રમાંક : નાનિ/કામાવિ/મકમ/૧/૧૪-૧૫**

નાયબ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અમદાવાદ વિભાગ ગાંધીનગર હસ્તકની તાબાની કચેરીઓમાં મેન્યુઅલ આસીસ્ટન્ટ (વર્ગ-૪)ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટેના કોરા ટેન્ડર ફોર્મ તા. ૧૭/૧૧/૨૦૧૪ થી તા. ૮/૧૨/૨૦૧૪ સુધી ૧૨-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) રોકડા ભર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન મળી શકશે, ટેન્ડર સાથેની શરતો / સુચનાઓ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા વેબસાઈટ www.statetenders.com ઉપર જોઈ શકાશે.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૫૭૧૨

નાયબ નિયંત્રક
કાનુની માપ વિજ્ઞાન
અમદાવાદ વિભાગ ગાંધીનગર

માહિતી/૧૬૪૪/૨૦૧૪-૧૫

**ટુંકી મુદતની નિવિદા**

વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૨ની કચેરીમાં રોજબરોજના ઝેરોક્ષનું કામ કરાવવા માટે એક વર્ષનો ઈજારો આપવા માટે ગાંધીનગર મુકામે ઝેરોક્ષ મશીન ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે મુજબના કામના ભાવ મંગાવવામાં આવે છે.

ઈજારદારે ઝેરોક્ષ મશીન ઝેરોક્ષ કોપી કાઢનાર વ્યક્તિ સાથે અત્રેની કચેરીમાં રાખવાનું રહેશે.

| અ. નં. | વિગત | નકલ | નકલનો ભાવ |
|---|---|---|---|
| ૧. | સાદી ઝેરોક્ષ કોપી સીંગલ સાઈડ | (૧) એક | |
| ૨ | સાદી ઝેરોક્ષ કોપી ડબલ સાઈડ | (૧) એક | |
| ૩ | જમ્બો ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૪ | મલ્ટી કલર ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૫ | સ્પાયરલ બાઈન્ડીંગ કલરીંગ | (૧) એક બુક ૧૦૦ પેજ (૨) એક બુક ૫૦ પેજ | |
| ૬ | લેમીનેશન | એ-૪ સાઈઝ રોલર પેપર પાઉચ લેમીનેશન | |

ઉપરોક્ત મુજબના ભાવો તા. ૨૯/૧૧/૨૦૧૪ સુધીમાં નીચે સહી કરનારને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે.
સીલબંધ કવર ઉપર ઝેરોક્ષ અંગેવા ભાવો તેવું સ્પષ્ટ અક્ષરથી લખવાનું રહેશે.
મુદ્દત વિત્યા બાદ આવેલ ભાવો પર ધ્યાન આપવામાં આવશે નહિ.
આ ટુંકી મુદતની નિવિદામાં આવેલ ઓફરોમાંથી ગમે તે ઓફર મંજુર કરવા કે નામંજુર કરવાની અબાધિત સત્તા નીચે સહી કરનારને રહેશે.

સ્થળ : ગાંધીનગર

સહી/-
મદદનીશ વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૬૪૨/૨૦૧૪-૧૫